પરિપત્ર

જા..નં.મકમ/પરિપત્ર/૧૩-૧૪/ ૩૭૩૭
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૦-૧૦-૨૦૧૩

વિષય – ખાતાકીય પરીક્ષા પધ્ધતિમા ફેરફાર કરવા બાબત
સંદર્ભ-૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરનો તારીખ-૧૧/૯/૨૦૧૩ પત્રનં. ક્રમાંક/ખતપ/૧૫૨૦૧૩/૮૫/ગ

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સંદર્ભમાં જણાવેલ પત્રથી જણાવ્યા મુજબ વહીવટ વિભાગ દ્વારા હવે યોજાનારી તમામ ખાતાના વર્ગ-૩ના તમામ સંવર્ગની ખાતાકીય પરીક્ષા પધ્ધતીમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ પરીક્ષાઓ MCQ-પ્રશ્નપત્ર (હેતુલક્ષી પ્રકારના પ્રશ્ન) થી લેવામાં આવશે. તેમજ તેની ચકાસણી OMR-પધ્ધતિથી (પ્રશ્નપત્રની ચકાસણી કોમ્પ્યુટરથી ) કરવામાં આવશે. આ અંગેની વધુ વિગતો કર્મચારી મંડળની વેબસાઈટ WWW.GSSSB.GUJARAT.GOV.IN પરથી મેળવી શકાશે

આ સાથે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના પત્રની નકલ સામેલ છે.

નાયબનિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના-
૧. વડી કચેરીની તમામ શાખાના વડાઓને જાણ સારૂ
૨. ખાતાની તમામ સંસ્થા/કચેરીના વડાઓને જાણ સારું

ક્રમાંક:ખતપ/૧૫૨૦૧૩/૮૫/ગ


ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૪, પહેલો માળ,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.


12 SEP 2013

પ્રતિ,
નિયામકશ્રી
સમાજ સુરક્ષા
બ્લોક નં. ૬ ડૉ. જી. એમ. ભવન
ગાંધીનગર

વિષય :- ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરી આ પરીક્ષાઓ MCQ પ્રશ્નપત્ર અને OMR પધ્ધતિથી યોજવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા હવે પછી યોજાનારી તમામ ખાતાના વડાઓના વર્ગ-૩ ના તમામ સંવર્ગની ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરીને આ પરીક્ષાઓ MCQ પ્રશ્નપત્ર અને OMR પધ્ધતિથી યોજવાનો નિર્ણય લઈ તેઓના તા.૩/૯/૨૦૧૩ના પત્રથી મંડળને તે મુજબ ખાતાકીય પરીક્ષા યોજવા જણાવેલ છે. આથી મંડળ ધ્વારા હવે પછી યોજાનાર તમામ ખાતાના વડાઓના વર્ગ-૩ના તમામ સંવર્ગોની ખાતાકીય પરીક્ષાઓ MCQ (Multiple Choice Question) પ્રશ્નપત્ર અને OMR પધ્ધતિથી યોજવામાં આવશે. જે તે સંવર્ગના ખાતાકીય પરીક્ષાના નિયમોમાં જણાવ્યા અનુસાર આ પરીક્ષા પુસ્તકો સાથે તેમજ સંબંધિત પ્રશ્નપત્રના ગુણ અને સમય નિયમોમાં જણાવ્યા મુજબના જ રહેશે. આ પરીક્ષા પધ્ધતિના સુધારા અંગેની જાણ આપના હસ્તકની તમામ કચેરીઓ અને તમામ કર્મચારીઓને કરવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. વધુમાં આ અંગેની વિસ્તૃત માહિતી તથા જરૂરી સૂચનાઓ હવે પછી સમય અનુસાર જણાવવામાં આવશે. તેમજ આ તમામ બાબતો મંડળની વેબસાઈટ ઉપર પણ મૂકવામાં આવશે. આથી તમામ સંબધિત કચેરીઓ અને કર્મચારીઓને મંડળની વેબસાઈટ જોતાં રહેવાની સૂચના આપવા વિનંતી છે. મંડળની વેબસાઈટ www.gsssb.gujarat.gov.in છે.

નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
આવક રજી. નં. ૯૬૬૪૦
તારીખ : 20 SEP 2013
શાખા : મેડિકલ
કચેરી અધિક્ષક

આપનો વિશ્વાસુ

(બી.એમ.ખાંટ)
નાયબ સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર